# હનુમાન જન્મોત્સવ : શહેરમાં હનુમાનજીના મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટશે

## ડભોડીયા હનુમાનજીને ૨૪ હજાર કિલો તેલનો અભિષેક કરાશે

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં હનુમાન જન્મોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવશે. હનુમાનજીના ભક્તો દ્વારા હનુમાન દાદાના મંદિરો જય બજરંગ બલી, જય શ્રીરામ, જય હનુમાનના નાદથી ગુંજી ઉઠશે. આ વખતે ૧૬મી એપ્રિલે હનુમાન જન્મોત્સવ છે. શનિવારની સાથે સાથે આ દિવસે કેટલાક એવા ખાસ યોગ બની રહ્યા છે જે હનુમાન જન્મોત્સવને વધારે મહત્વપૂર્ણ અને ખાસ બનાવે છે.

ચૈત્ર મહિનાની પૂનમે હનુમાન જન્મોત્સવ મનાવવામાં આવે છે. આ દિવસે અંજની પુત્ર હનુમાનનો જન્મ થયો હતો. મંગળવાર અને શનિવારનો દિવસ ભગવાન રામના પરમ ભક્તને સમર્પિત છે.

એવી માન્યતા છે કે હનુમાનજી બજરંગબલીની પૂજા-અર્ચના કરવાથી ભક્તોના સંકટ દૂર થાય છે. એ જ કારણસર તેમને સંકટ મોચન દેવ પણ કહેવામાં આવે છે. હનુમાનજીની આરાધનાથી ભક્તોને તમામ પ્રકારના રોગ-પીડા અને ભયમાંથી મુક્તિ મળે છે. સાથે જ હનુમાનજીની પૂજા કરવાથી તમામ પ્રકારના ગ્રહ દોષનું પણ નિવારણ થાય છે તેથી ભક્તો હનુમાન જન્મોત્સવના દિવસે ઉપવાસ કરીને ભગવાનની ઉપાસના કરે છે.

ડભોડીયા હનુમાનજી મંદિરનો ઈતિહાસ ચમત્કારીક અને પૌરાણિક મહત્વ ધરાવે છે. ડભોડા મંદિર આશરે ૧૨૦૦ વર્ષ પુરાણુ હોવાની માન્યતા છે. ડભોડામાં અંગ્રેજ સમયમાં રેલ્વે લાઈન પાથરતી વખતે અંગ્રેજોને ડભોડા દાદાનો ચમત્કાર મળ્યો હોવાની લોકવાયકા પ્રચલિત છે. ત્યારથી કહેવાય છે કે હિન્દુ દેવિ



દેવતામાં આસ્થા અને શ્રદ્ધા ન રાખનારા અંગ્રેજો પણ હનુમાન દાદાના ચમત્કારને માનતા થઈ ગયા હોવાની ગ્રામજનોમાં માન્યતા છે. જુના સમયમાં ડભોડાનું નામ દેવગઢ હતું. હાલના મંદિરના સ્થળે જંગલ વિસ્તાર હતો. માલધારીઓ ગાયો ચરાવા આવતા હતા. ગાયોમાંથી એક ટીલડી નામની ગાય રોજ આ સ્થળ ઉપર દૂધ ઝરી જતી હતી. આ અંગે ગાય જ્યાં દૂધ ઝરતી તે સ્થળે ખોદકામ કરાવીને તપાસ કરાવવામાં આવતા અઅંદરથી સ્વયંભૂ ડભોડીયા હનુમાનજી દાદાની મૂર્તી પ્રગટી હતી. જે આજના ડભોડીયા હનુમાનજી તરીકે પ્રસિદ્ધ છે. આ સ્થળે દાદાનું નાનું મંદિર વર્ષો પહેલા હતું જે સમયાંતરે વિકાસ પામતું ગયું અને આજે ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામો પૈકીના મંદિર તરીકે ખ્યાતી પામ્યું છે.

### સ્વયંભૂ શ્રી ડભોડીયા હનુમાન મંદિરમાં ભવ્ય ઉજવણી કરાશે : ૨૪ હજાર કિલો તેલનો અભિષેક કરાશે



સુપ્રસિદ્ધ શ્રી ડભોડિયા હનુમાનજી મંદિરે ભક્તોનું ઘોડાપુર જોવા મળશે. ડભોડા હનુમાનજી મંદિરે ડભોડીયા દાદા ઉપર તેલનો મહા અભિષેક કરવાનું અનેરૂ મહત્વ છે. મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિમાં હજારો લીટર તેલનો અભિષેક કરવામાં આવતો હોય છે. આ વર્ષે ૧૬૦૦ ડબ્બાનો મહા અભિષેક કરવામાં આવશે. હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવનાર હોવાથી ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### હનુમાનજીના જન્મની પૌરાણિક કથા

કહેવાય છે કે હનુમાનજીના માતા અંજના એક અપ્સરા હતા. તેમને શ્રાપને લીધે પૃથ્વી પર જન્મ લેવો પડ્યો. આ શ્રાપથી એમને ત્યારે જ મુક્તિ મળતી જ્યારે તેઓ સંતાનને જન્મ આપતા. વાલ્મિકી રામાયણ મુજબ કેસરી શ્રી હનુમાનજીના પિતા હતા. તે સુમેરૂ રાજ્યના રાજા અને બ્રૃહસ્પતિના પુત્ર હતા. અંજનાએ સંતાન પ્રાપ્તિ માટે ૧૨ વર્ષ સુધી ભગવાન શિવની તપસ્યા કરી અને ફળ સ્વરૂપ હનુમાનજીનો જન્મ થયો.

એક કથા કહે છે કે હનુમાનજીને બહુ ભૂખ લાગી હતી ત્યારે તે આકાશમાં ઉડ્યાં અને સૂર્યને ફળ સમજીને ખાવા દોડ્યા. એ જ દિવસે રાહૂ પણ સૂર્યે પોતાનો ગ્રાસ બનાવવામાં આવ્યો હતો. જો કે તેઓ હનુમાનજીને તે બીજો રાહુ સમજી બેઠા એ જ વખતે ઈન્દ્રએ પવનપુત્ર પર વ્રજથી પ્રહાર કર્યો જેનાથી એમની હડપચી પર વાગ્યું તેમજ હડપચી થોડી વાંકી થઈ ગઈ અને એટલે જ એમનું નામ હનુમાન પડ્યું.

### ખૂણેખાંચરેથી

● ગાંધીનગરમાં વસતા વિસનગરા નાગર સમાજના સભ્યોને ત્યાં આજે ધામધૂમથી હાટકેશની પધરામણી સાથે હાટકેશ જયંતિ નિમિત્તે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પુનઃ ગરમીનું મોજુ તીવ્ર બન્યુ હતુ.

● ૧૮મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર આવી રહ્યા હોવાથી તેમના કાર્યક્રમો સહિતની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

● ગુજકેટની પરીક્ષામાં વર્ગ-૧ના અધિકારીઓને સરકારના પ્રતિનિધિ તરીકે કેન્દ્રો પર ફરજ સોંપવામાં આવી છે.

● ગાંધીનગરમાં વહેલી સવારે પુનિતવનમાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.

● વધતી જતી મોંઘવારીને પગલે મધ્યમ વર્ગીય પરિવારોના આયોજનોમાં ભંગાણ સર્જાયુ છે અને હવે આ પરિવારો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કરકસર પણ ક્યાં કરવી તેને લઈ હવે ચર્ચાઓ શરૂ થઈ છે.

● આઈ.પી.એલ.ની મેચો ટી.વી. પર જોવાનો ક્રેઝ વધી રહ્યો છે.

● જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિ સહિત મહત્વના વિભાગોની સમીક્ષા બેઠકો કલેક્ટરના અધ્યક્ષપદે કલેક્ટર કચેરી ખાતે મળશે.

● માણસામાં મુખ્ય માર્ગો પર પૂર્વ ધારાસભ્ય અમીત ચૌધરી દ્વારા મિનરલ વૉટરની પરબો શરૂ કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગ બાળકોનો ખેલ મહાકુંભ ૧૭મી એપ્રિલે સ્પોર્ટસ ઓથોરીટીના ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

# પૈસા અને સોનાની લાલચમાં મિત્રએ મિત્રનું કાસળ કાઢ્યું

## મિત્રએ દારૂમાં ઝેરી પ્રવાહી પીવડાવી હત્યાને અંજામ આપ્યો : ત્રણ મિત્રો એક દાયકાથી સોનાના દાગીના બનાવી આપવાનું કામ કરતા હતા

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં બીટી-૧ મોલની બંધ દુકાનમાંથી સોનાના દાગીના બનાવનાર કારીગરનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે રોકડા રૂ.૧૫ લાખ તેમજ સોનાની લુંટ કરવા માટે પ્રભાકરને તેના મિત્ર શ્રીમંતો દાસે દારૂમાં ઝેરી પ્રવાહી પીવડાવી મોત નિપજાવ્યું હોવાની હકીકત સામે આવી છે. બનાવ અંગે કલોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી સાડા ત્રણસો ગ્રામ સોનું અને રૂ.૨.૫૦ લાખ રોકડા રીકવર કરી મૃતકનું બીજીવાર પીએમ કરવા માટે ગતિવિધી તેજ કરવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ શહેરના બીટી મોલની દુકાનમાં છેલ્લા એક દાયકાથી પ્રભાકર નાંગરે, શ્રીમંતો દાસ અને ભોલુ બંગાળી સોનાના દાગીના બનાવવાનો વેપાર કરતા હતા. જેથી કલોલ સોની બજારના વેપારીઓ ત્રણેય મિત્રોને દાગીનાનુ કામ તેમજ કાચુ સોનાનું કામ આપતા હતા.જયારે પ્રભાકર દાગીના બનાવી આપી કાચુ સોનુ અને રૂપીયા અમદાવાદથી લઈ આવવાનું પણ કામ કરતો હતો. પ્રભાકર દશ વેપારીઓના રૂપીયા અને ૬૦૦ ગ્રામ સોનું અમદાવાદ થી લાવ્યો હતો. વેપારીઓ તેની કાગડોળે રાહ જોઈને બેઠા હતા. પરંતુ બીજા દિવસે પણ પ્રભાકર ન દેખાતા વેપારીઓને તેની શોધખોળ આદરી હતી. જયારે ભોલુ બંગાળી દુકાને ગયો હતો તે સમયે પ્રભાકર શંકાસ્પદ હાલતમાં પડ્યો હતો. તે સમયે શ્રીમંતોએ કહ્યુ કે રોજની જેમ પ્રભાકર દારૂ પી ગયો છે.ત્યારબાદ ભોલુ વેપારીઓને મળતા પ્રભાકર દારૂ પીને દુકાનમાં પડ્યો હોવાનું કહેતા પ્રભાકરની પત્ની અને વેપારીઓ રાત્રીના સમયે દુકાને પહોંચી ગયા હતા. પરંતુ દુકાનને તાળુ મારી શ્રીમંતો નાસી ગયો હતો. જયારે પોલીસે આવીને દુકાનનું તાળુ તોડતા દુકાનની અંદર પાર્ટીશન તરફનો દરવાજો ખોલતા જ પ્રભાકર શંકાસ્પદ મૃત્યુ થયુ હોય તેવી હાલતમાં મળી આવ્યો હતો. કલોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તે સમયે શ્રીમંતો દાસ પોલીસના હાથમાં આવી ગયો હતો. જેથી લાખો રૂપીયાની અને સોનાની લાલચમાં પ્રભાકરને દારૂમાં ઝેરી પ્રવાહી ભેળવીને પીવડાવતા પ્રભાકર તરફડીયા મારીને મૃત્યુ પામ્યો હતો.ત્યારબાદ રૂ.૧૫ લાખ અને ૬૦૦ ગ્રામ સોનું લઈ દુકાને તાળુ મારી નાસી ગયો હતો. દુકાન થી નીકળી શ્રીમંતો પોતાના મિત્રને ઘરે ગયો હતો અને ત્યાં મોકો જોઈને લુંટનો માલ માળીયમાં સંતાડી દીધો હતો અને તે સુઈ ગયો હતો. જયારે પોલીસે તેને પકડ્યો તે સમયે શ્રીમંતો પાસેથી રૂ.૨.૫૦ લાખ રોકડા અને ૩૦૦ ગ્રામ સોનું રીકવર કરી આગળની તપાસ હાથ ધરી છે.

# યુવરાજસિંહની જામીન અરજી સંદર્ભે આજે ચુકાદો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વિદ્યા સહાયકોને યુવરાજસિંહ જાડેજા જઈને મળ્યા હતા. ત્યારબાદ યુવરાજસિંહ જાડેજા ત્યાંથી પોતાની કાર લઈને નીકળી રહ્યા હતા તે સમયે પોલીસ પર ગાડી ચડાવી દેવાનો હત્યાના પ્રયાસનો ગુનો નોંધાતા યુવરાજસિંહ જેલવાસમાં છે. ત્યારે યુવરાજસિંહના વકીલ દ્વારા ગાંધીનગર સેશન્સ કોર્ટમાં મુકેલી જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળીને ચુકાદો આવતીકાલ પર મુલતવી રાખ્યો છે.

મળતી વિગત મુજબ આજે ગાંધીનગર કોર્ટમાં યુવરાજસિંહની જામીન અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારી વકીલે દલીલ કરી હતી કે લોકશાહીમાં આંદોલન કરવાની પધ્ધતિ હોય છે. એ પધ્ધતિને અનુસરીને આંદોલન કરવા જોઈએ. પોલીસ પર ગાડી ચડાવવાની કોશિષ કરાઈ હતી અને ૩૦૭ કલમ લગાવી છે. આ



કેસમાં જામીન ન આપવા જોઈએ. તેમજ જો જામીન આપવામાં આવે તો અમદાવાદ ગાંધીનગરની હદમાં ન પ્રવેશવાની શરતના આધારે શરતી જામીન આપવા જોઈએ.જયારે બચાવ પક્ષના વકીલ નિતીન ગાંધીએ દલીલ કરી હતી કે યુવરાજસિંહ પર અત્યાર સુધીમાં એક પણ ગંભીર કેસ નથી, જેથી રેગ્યુલર જામીન આપવા જોઈએ. ગાડીથી કોઈને ઈજા થઈ નથી. યુવરાજસિંહ ખાલી મદદ કરવા માટે ગયો હતો. કોઈપણ પોલીસને ઈજા થઈ નથી. આમ બંને પક્ષની દલીલ સાંભળ્યા પછી કોર્ટે જામીન અરજીનો ચુકાદો આવતીકાલ પર મુલતવી રાખવામાં આવ્યો છે.

# ચંદ્રાલા ગામે ભારત રત્ન સન્માનિત ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે ભારતરત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા અનૂસૂચિત જનજાતિ મોરચાના મહામંત્રી અલ્પેશભાઈ, ગાંધીનગર તાલુકા યુવા મોરચાના મંત્રી મનુભાઈ પટેલ, ગિયોડ અંબાજી મંદિરના ટ્રસ્ટી પુંજાભાઈ પટેલ, રામાભાઈ વાણીયા અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહી બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પી હતી.

# છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો



ગાંધીનગર, તા.૧૫

છેતરપિંડીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૧ પોલીસે પથિકાશ્રમ હોટલ પાસેથી પકડી પાડ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસ તંત્ર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ડ્રાઈવ ચાલી રહી છે. જે અન્વયે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ વાય.વાય.ચૌહાણ તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ મુકેશસિંહ અને કોન્સ્ટેબલ રાજવીરસિંહ ને સંયુકત રીતે બામલી મળી હતી કે સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી મેહુલભાઈ હિંમતભાઈ કાનપરીયા (ઉં.૩૧ હાલ રહે.૭૪ નીલકંઠ રેસીડેન્સી શીવાંજલી રીમ તા.કામરેજ સુરત મુળ રહે.વિઠલપુર ખંભાળીયા અમરેલી) ને એસટી ડેપો થી પથિકાશ્રમ હોટલ વચ્ચે આવેલા સેકટર-૧૧ રામલીલા મેદાન તરફ જવાના માર્ગ પરથી એલસીબી પોલીસે પકડી પાડ્યો હતો. આ શખ્સને ગુના અંગે પુછપરછ કરતા તેણે જણાવ્યું કે વર્ષ ૨૦૧૮માં તે સુરત કડોદરા ખાતે આવેલી એક વિદ્યાલયમાં મેનેજમેન્ટમાં ફરજ બજાવતો હતો. તેના એક મિત્ર સાથે મળી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાંથી શાળા શરુ કરવા માટે મંજુરી મેળવવા અને સ્કુલ ચાલુ કરવા માટે જમીનના ખાટો હક્ક પત્રક અને ચોર્યાસી તાલુકા પંચાયતના ખોટા સિક્કાવાળા બી.યુ. પ્રમાણપત્ર બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. જેથી તેની સામે છેતરપિંડીનો ગુનો નોંધાયેલ હોવાથી અને આ ગુનામાં તેનું નામ ખુલતા તે આજદિન સુધી નાસતો ફરતો હોવાની હકીકત જણાવી છે. એલસીબી પોલીસે શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂપાલ ગામે મંદિરીયાવાળા ખેતરની ઓરડીમાંથી રૂ.૯૭ હજારની ચોરી

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગરના રૂપાલ ગામની સીમમાં મંદિરીયાવાળા ખેતરમાં બોરકુવા પર આવેલી ઓરડીમાં અનાજ ભરવાના પીપડામાંથી રાત્રીના સમયે કોઈ ચોર શખ્સ ઓરડીમાં ઘુસી જઈને પીપડામાંથી રોકડા રૂ.૯૭ હજારની ચોરી કરી પલાયન થઈ ગયો છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે વિનુજી રામાજી પઢારની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામની સીમમાં મંદિરીયાવાળા બોરકુવાની ઓરડી પર વિનુજી રામજી પઢાર પોતાના માતા અને ભાઈ સાથે રહે છે. જયારે વિનુજી અપરણિત છે, અને ખેતી કરી જીવન નિર્વાહ કરે છે.ખેતીની આવકમાં એરંડા અને રાયડો વેચાણ કરતા વિનુજી પાસે રૂ.૮૮ હજાર આવ્યા હતા. જયારે રૂપાલ બેંકમાંથી ૧૯ હજાર ઉપાડીને મળીને કુલ રૂ.૯૭ હજાર ખેતરની ઓરડીમાં અનાજ ભરવાના પીપડામાં કોથળીમાં નીચે રાખેલા હતા. ગત તા.૧૦ એપ્રિલના રોજ રાત્રીના આશરે દોઢ વાગે વિનુજી સામે આવેલા ખેતરમાં પાણી વાળી રહ્યા હતા.તે સમયે રોડ પર એક રીક્ષા આવીને ઉભી રહી હતી. રીક્ષા તરફ ધ્યાન જતા ખેડુતે બેટરીની લાઈટ કરતા રીક્ષા વાસણ ગામ તરફ જવા રવાના થઈ હતી. ત્યારબાદ ખેતર થી બોરકુવા પર આવીને જોયુ તો ઓરડીનો દરવાજો ખુલ્લો હતો. રૂમમાં બે ત્રણ ડબ્બાના ઢાંકણ અને પીપડાનું ઢાંકણ પણ ખુલેલી હાલતમાં પડ્યા હતા. જેથી અંદર જઈને તપાસ કરતા પીપડામાં અંદર રહેલા રોકડ રૂ.૯૭ હજાર મળી આવ્યા ન હતા. ત્યારે અજાણ્યા શખ્સે રાત્રીના સમયે ઓરડીમાં પ્રવેશ કરી પીપડામાં રાખેલા રૂપીયા રૂ.૯૭ હજાર ચોરી કરી લઈ જતા આ મામલે ખેડુતે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# હોસ્પિટલના ઓપરેશન થિયેટરના આઈઆઈ ટીવી મશીન માટે શંભુજી ઠાકોરે ૧૨,૫૦,૦૦૦ ની સહાય આપી

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે આવેલી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલના ઓપરેશન થિયેટર માટે અદ્યતન સુવિધાવાળા આઈ.આઈ. ટી.વી. મશીન માટે દક્ષિણ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોરની વર્ષ ૨૦૨૧-૨૨ની ગ્રાન્ટમાંથી ૧૨,૫૦,૦૦૦ની માતબર રકમ આર્થિક સહાય તરીકે ફાળવ્યા છે. આ મશીનનું દર્દીઓની સેવા અર્થે લોકાર્પણ સંસ્થાના મંત્રી રમેશભાઈ



પટેલ તથા હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. દર્શકભાઈ પ્રજાપતિએ હર્ષની લાગણી અનુભવી હતી. સમસ્ત ટ્રસ્ટીગણ તેમજ હોસ્પિટલ પરિવારે તેઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# વાવોલ પંજુરી પેલેસ સોસાયટીમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૫

વાવોલ પંજુરી પેલેસ સોસાયટીના પાર્કિંગમાંથી બાઈકની ચોરી થવા પામી છે. હોન્ડા શાઈન કિં.રૂ.૨૦ હજારની કિંમતનું બાઈક ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ પંજુરી પેલેસ સોસાયટી મકાન નં.ડી.૪૦૧ ખાતે રહેતા પ્રગ્નેશ વસંતભાઈ ઠક્કર પત્ની વૈશાલી સાથે રહે છે અને ગરીમા પાર્ક ખાતે ટીમ લીડર તરીકે ફરજ બજાવે છે. તેઓ નોકરી આવન જાવન માટે હોન્ડા શાઈન બાઈક નં. જી.જે.૦૬.એમ.સી.-૫૨૫૧ નો ઉપયોગ કરે છે. જયારે ગત તા.૧૪ ના રોજ પોણા એક વાગ્યાના અરસામાં પોતાના મિત્રને ઈશ્કોન સર્કલ ઉતારીને વાવોલ ખાતે પરત ફર્યા હતા. વાવોલ પંજુરી પેલેસ સોસાયટીના પાર્કિંગમાં બાઈક મુકીને પ્રગ્નેશભાઈ સુઈ ગયા હતા. જયારે સવારે ૯ વાગે નોકરી જવાનું હોવાથી બાઈક લેવા માટે જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. બાઈક અંગે વિવિધ જગ્યાએ તપાસ કરતા છતા બાઈક મળી નહી આવતા પ્રગ્નેશ ઠક્કરે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## ભાવપત્રક મંગાવતી નોટીસ

**(જાહેર નિવિદા નંબર - ગેઝીયા/૦૦૨/૨૦૨૨-૨૩)**

ગાંધીનગર વિજાણું વસાહત, સેક્ટર-૨૫ ખાતે પાણીની હયાત લાઈનમાંથી પ્લોટ હોલ્ડરને આશરે ૪૭૦ જેટલા પાણીના નવા જોડાણો આપવાના માલ-સામાન સાથેના કામ અંગે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી શરતોને આધિન કામ આપવા અંગેના ભાવપત્રકોની સીલબંધ ઓફર મંગાવવામાં આવે છે.

રસ ધરાવતા ઈજારદારોએ તા. ૨૨/૪/૨૦૨૨ સુધીમાં ગેઝીયા કચેરીએથી રૂ. ૫૦૦/- (જી.એસ.ટી. સાથે) ફી ભરીને કોરા ભાવપત્રકો મેળવા લેવા અને તા. ૨૩/૪/૨૦૨૨, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ભાવપત્રકો ભરેની સીલબંધ કવરમાં ઈંછ૬/ઝૌંીી/જીીઙ્ઘ જં દ્વારા જ ગેઝીયા કચેરીને નીચે જણાનેલ સરનામા પર તા. ૨૨/૪/૨૦૨૨ સુધીમાં મળે તે રીતે મોકલવા જાણ કરવામાં આવે છે. તા. ૨૨/૪/૨૦૨૨ સાંજે ૫:૦૦ વાગ્યા બાદ કોઈ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહિ, તેની ખાસ નોંધ લેવી.

**પ્રતિ, સેક્રેટરીશ્રી,**
**ગાંધીનગર ઈલે. ઝોન ઈન્ડ. એસોસીએશન**
**પ્લોટ નંબર : બી-૨૩/૨/૧ અને ૨, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, જીઆઈડીસી, ગાંધીનગર-૩૬૨૦૧૬**

**નોંધ : ટેન્ડર ફી નોન-રીફંડેબલ છે.**

**સહી/- (વતી)**
**સેક્રેટરી**
**ગાંધીનગર ઈલે. ઝોન ઈન્ડ. એસો.**

## ટેન્ડર નોટીસ

**જાહેર નિવિદા નંબર - ગેઝીયા/૦૦૧/૨૦૨૨-૨૩**

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડરસ્ટ્રીઝ એસોસીએશન (ગેઝીયા)એ કંપની એક્ટ-૧૯૫૬, સેક્શન-૨૫ અંતર્ગત જોડાયેલ એસોસીએશન છે. ગાંધીનગર જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ ખાતે નીચે જણાવેલ સર્વિસીસ માટે મરામત અને નિભાવણીનું કામ કરાર આધારિત શરતોને આધિન આપવા અંગેના ભાવપત્રકોની સીલબંધ ઓફર મંગાવે છે.

(૧) સ્ટ્રીટ લાઈલ પોલ્સ અને તેની તમામ સ્વીચો તથા એસ.પી.ના મરામત અને નિભાવણીનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબ.

(૨) ડ્રેનેજ ચેમ્બર્સ અને ભુગર્ભ ડ્રેનેજ લાઈનની સફાઈકામ / રીપેરીંગ તથા મરામત અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત.

(૩) વૉટર સપ્લાય બોરવેલ ઓપરેટીંગ, પાણીની ભુગર્ભ લાઈન મરામત અને નિભાવણીનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | ગેઝીયા કચેરીએથી ટેન્ડર મેળવવાની તારીખ અને સમય (રજાના દિવસો સિવાય) | ૧૮/૪/૨૦૨૨ થી ૨૨/૪/૨૨૨<br>સમય : ૧૦:૦૦ થી ૫:૦૦ |
| ૨. | ગેઝીયા કચેરી ખાતે ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૩/૪/૨૦૨૨<br>સમય : સાંજે ૫:૦૦ વાગ્યા સુધી |
| ૩. | ગેઝીયા કચેરી ખાતે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય (ટેન્ડર ભરનાર એજન્સીએ હાજર રહેવું) | તા. ૨૫/૪/૨૦૨૨<br>સમય : સાંજે ૪:૦૦ વાગ્યે |
| ૪. | ટેન્ડર ફી (જીએસટી સાથે) | રૂ. ૧૧૮૦/- પ્રતિ ટેન્ડર |
| ૫. | ઈ.એમ.ડી. (ટેન્ડર સાથે 'ગેઝીયા'ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીડી જોડવો) | રૂ. ૨૦,૦૦૦/- નો ડી.ડી. જોડવો |

**નોંધ : ટેન્ડર ફી નોન-રીફંડેબલ છે.**

**સહી/- (વતી)**
**સેક્રેટરી**
**ગાંધીનગર ઈલે. ઝોન ઈન્ડ. એસો.**